# -:: ભાડા કરાર ::-

વિક્રમ સંવત ૨૦૭૬ ના શ્રાવણ વદ ચૌદશ ને મંગળવાર તારીખ ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૨૦ ના અંગ્રેજી દિને...

આ ભાડા કરાર લખાવી લેનાર યાને પહેલા પક્ષના ::- ભાડે રાખનાર

**ભાડે રાખનારનુ પુરુ નામ**
ઉ.આ.વ.: , જાતના : , ધંધો : ,
રહેવાસી :
મો.નં:

ભાડા કરારા લખી આપનાર યાને બીજા પક્ષના ::- ભાડે આપનાર

**ભાડે આપનારનુ પુરુ નામ**
ઉ.આ.વ.: , જાતના : , ધંધો : ,
રહેવાસી :
મો.નં:

જત આપણે બન્ને પક્ષકારો આ ભાડાકરારનો લેખ નીચે મુજબ કરીએ છીએ કે...........

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતના સુરત મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ પૈકી ફાઇનલ **પ્લોટ નં. ૦૦** નોંધાયેલી બિન ખેતી જમીનમાં આયોજન કરવામા આવેલ **" કાયદાગુરુ સોસાયટી "** માં પાડવામાં આવેલ ઘર નં પૈકી **પ્લોટ નં. ૦૦** વાળી મિલકત તમો પહેલા પક્ષનાને તારીખ ૦૧-૦૭-૨૦૨૦ થી અગ્યિાર માસ માટે ભાડે થી આપવાનું નક્કી કરેલ છે જેમાં તા. ૦૧/૦૭/૨૦૨૦ થી ૩૧/૦૫/૨૦૨૧ સુધી માસીક રૂા. ૪૦૦૦/- અંકે રૂપિયા ચાર હજાર પુરા લેખે ભાડે થી આપવાનું નક્કી કરેલ છે. જે નીચેની શરતોને આધીન રહીને આપેલ છે.

## -:: શરતો ::-

(૧) સદરહું મીલકતના આ ભાડા કરારનો અમલ તારીખ ૦૧/૦૭/૨૦૨૦ ના રોજથી ગણવાનો છે. અને તારીખ ૩૧/૦૫/૨૦૨૧ ના રોજ આ ભાડા કરાર પુરો થાય છે. ત્યાર બાદ બન્ને પક્ષકારોનો સહમતિ હશે તો નવો ભાડા કરાર બનાવી ભાડા કરાર લંબાવી શકાશે. સદરહું મિલકતની ડીપોઝીટ પેટે રૂા. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દશ હજાર પુરા તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને રોકડા આપેલ છે. સદરહુ મિલકત જયારે તમો પહેલા પક્ષના ખાલી કરો ત્યારે ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરા હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને રોકડા પરત આપવાના રહેશે.

(૨) સદરહું મીલકતનું માસીક ભાડું તા. ૦૧/૦૭/૨૦૨૦ થી ૩૧/૦૫/૨૦૨૧ સુધી માસીક રૂા. ૪૦૦૦/- અંકે રૂપિયા ચાર હજાર પુરા નક્કી કરવામાં આવેલ છે, જે ભાડું તમો પહેલા પક્ષના એ દર મહિનાના ૦૧ તારીખ થી ૦૫ તારીખ સુધી માં ચુકવી આપવાનું છે. તેમાં કોઇ બાંધછોડ ચાલશે નહિ.

(૩) સદરહું ભાડે આપેલી મીલકત તમોને જ ભાડેથી આપેલ છે, જેથી તમો પ્રથમ પક્ષના જ તેનો ઉપયોગ, વપરાશ કરી શકો છો અને તેમાં અન્ય પેટા ભાડુત રાખવાના નથી.

(૪) સદરહું મિલકતમાં કાંઇ પણ જાતના સુધારા વધારા કે કાચું, પાકુ બાંધકામ, કે તોડફોડ, કરવાનુ થાય તો હમો બીજા પક્ષનાની પરવાનગી લઇને અમો પહેલા પક્ષનાના ખર્ચે કરવાનુ રહેશે. અને તેની તમામ જવાબદારી અમો ભાડે રાખનારની રહેશે.

(૫) સદરહું મિલકત સુપરત કરો ત્યારે જે સ્થિતિમાં મિલકત છે તેજ સ્થિતિમાં સુપરત કરવાની રહેશે. અને જો કોઇ મિલકતમાં નુકશાન કરેલ હશે તો તે તમો ભાડે રાખનારે ભરપાઇ કરવાનું રહેશે.

(૬) સદરહું મીલકતની તપાસ હમો માલીક અમારી રીતે કરી શકીશુ, તેમ કરવામાં તમો ભાડે રાખનારે કાંઇપણ રોકટોક કરવાની નથી.

(૭) સદરહું મિલકતમાં જે લાઇટનો વપરાશ કરો તે બીલ ભાડે રાખનારે અલગથી ચુકવવાનું રહેશે.

(૮) સદરહું ભાડે આપનાર મીલકતમાં કોઇપણ પ્રકારનો સરકાર દ્રારા પ્રતીબંધિત ધંધો કે કૃત્ય કરી શકાશે નહી તેમજ પ્રતિબંધિત તેના નશાકારક કે સ્ફોટક પદાર્થો રાખવાના કે વેચાણ કરવાના નથી.

(૯) સદરહું મિલકતની હમો ભાડે આપનારને જરૂર પડે તો એક મહિના અગાઉથી લેખીતમા નોટીસ આપવાની રહેશે, અને જો તમો ભાડે રાખનારને મિલકત ખાલી કરવાની થાય તો તમો ભાડે રાખનારે એક મહિના અગાઉથી લેખીતમાં જાણ કરવાની રહેશે.

સદરહુ મિલકત અંગેની ઉપરોકત તમામ શરતોને આધીન સદરહું મિલકત તમોને ભાડે આપેલ છે. ઉપરોકત શરતો માંથી કોઇપણ શરતનો ભંગ કરો તો માલીક ગમે ત્યારે મિલકત ખાલી કરાવી શકશે.

## -:: શીડયુલ ::-

## ભાડે આપેલ મીલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ શહેર સુરતના સુરત મહાનગર પાલીકાની હદમાં સમાવિષ્ટ પૈકી ફાઇનલ **પ્લોટ નં. ૦૦** નોંધાયેલી બિન ખેતી જમીનમાં આયોજન કરવામા આાવેલ " **કાયદાગુરુ સોસાયટી** " માં પાડવામાં આવેલ ઘર નં પૈકી **પ્લોટ નં. ૦૦** વાળી મિલકત તમો પહેલા પક્ષનાને તારીખ ૦૧-૦૭-૨૦૨૦ થી અગ્યિાર માસ માટે ભાડે થી આપવાનું નકકી કરેલ છે

એણી વિગતનો આ ભાડા કરાર આપણે પક્ષકારોએ રાજીખુશીથી વાંચી-વંચાવી, સાંભળી. સમજી-વિચારીને કરેલ છે, જે આપણે પક્ષકારોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્રે .................................... મતુ તત્રે ......................................... શાખ.

ફોટો

......................................................

(ભાડે આપનાર)

ફોટો

.........................................................

(ભાડે રાખનાર)